# બે કલાકાર

‘ઉષી, જો તો ખરી, ચિત્ર કેટલુ સુદર બન્યુ છે !’

‘ચિત્ર બતાવવા તે કોઈની ઊંઘ બગાડાતી હશે ? નઠારી !’

‘હા, હા, હવે જોજે તો ખરી પલુ ઈનામ ન જીતુ તો ?

ચિત્રને ચારે બાજુ ફેરવતા ઉષા બોલી, ‘ક્યાથી જોઉ એ તો કહે. નહીં તો તુ બનાવે હાથી, અને અમે માનીએ ઉલ્લુ. સમજાતુ નથી કે ચોરાસી લાખ યોનિમાથી આ કયા જીવની તસવીર છે ?’

‘જરા વિચારે તો તરત સમજાશે કે આ કોનુ પ્રતિક છે.’

‘તારી બેવકૂફીનુ. જોઈ ના હોય મોટી પ્રતિકવાળી !’

‘મારી બે.....ન! આ તો આજના કન્ફયઝનનુ પ્રતિક છે.’

‘મને તો તેમા મારા મગજનુ કન્ફયઝન દેખાય છે. નકામી જિદગીને વેડફી રહી છે.’

ત્યા તો ત્રણ ચાર ટાબરિયા એમની રૂમમા દોડી આવ્યા. ‘બહેન ચાલો ને, બધાય આવી ગયા.’

‘ઓહ ! શુ આ બધા વાદરા પાળી રાખ્યા છે ? એક દિ’ તો તારી છાપરીએ આવીને ચિત્ર દોરવુ છે. લોકો જુએ તો ખરા, કે અમારા બહેનબા રખડતા–રઝળતા વાઘરી–વસવાયાના છોકરાઓને ભેગા કરી કેવા ભણાવે છે. ના જોઈ હોય તો મોટી દેશભક્ત !’

રાતના દશ વાગ્યા હતા. ઉષાએ રૂમમા પ્રવેશતા જોયુ કે નિશા એની વાટ જોઈ રહી છે.

‘ખૂબ જ મોડુ કર્યું, ઉષા ? ક્યા હતી આટલે મોડે સુધી ?’

‘પેલુ બચ્ચુ આખરે ના જ બચ્યુ. સામેની ઝૂપડીમા રહેતો ભાગીયાનો છોકરો ટાઈફોઈડમા ઝડપાઈ ગયો. બિચારો અભાગિયો !’ અને ઉષાની આખમા ઝળઝળિયા આવી ગયા.

એના સાત્વન ખાતર વાત બદલાવતા નિશાએ કહ્યુ, ‘પપ્પાનો પત્ર છે. કલાની સાધનાર્થે વિદેશ જવામા એમની સમતિ છે.’

‘તારુ વિદેશગમન એટલે આપણી કોલેજ–મૈત્રી અને હોસ્ટેલના સહજીવનની સમાપ્તિ. આટલા વર્ષે સાથે રહેવાથી હુ તો એ ભૂલી જ ગઈ હતી કે આપણે ક્યારેક છૂટા પણ પડવુ પડશે.’

ત્યાર પછી ઉષા ખૂબ ઉદાસ રહેતી. આજે નિશા આઠ વાગે ઊપડવાની હતી. પોણાઆઠ થયા તોય હજી એનુ ઠેકાણુ નહોતુ. સૌ એની અનિમેષ નયને રાહ જોઈ રહ્યા હતા. ત્યા તો બહાવરી–બહાવરી નિશા અવી પહોચી.

‘તમારે સૌને બહુ રાહ જોવી પડી, નહીં ? પણ મારાથી રોકાયા વિના ન જ રહેવાયુ.’ એકીશ્વાસે નિશાએ કહી દીધુ.

‘ગર્ગ સ્ટોરની સામે ઝાડ નીચે બેસતી ભીખારણ આજે મરેલી હાલતમા પડી હતી. એના બન્ને બાળકો માના શરીરને વળગી ડૂસકા ભરી રહ્યા હતા. અને હુ મારી જાતને ન રોકી શકી. એર રફ સ્કેચ દોરી કાઢયો. એવુ તો ‘ટચિગ દૃશ્ય હતુ !’


સાભળીને ઉષા હાલી ઊઠી. પણ એણે પોતાની જાતને સભાળી લીધી. જેમતેમ હસતુ મો રાખી એણે વહાલી સાહેલીને વિદાય આપી ! પણ પછી તુરત એ ક્યાક ભાગી !

પહેલે વર્ષે તો પત્રવ્યવહાર નિયમિત ચાલ્યો. પણ પછી સમયના વહેણમા તે કયા ગરક થઈ ગયો તેની ખબરેય ન પડી.

વિદેશમા નવી કલ્પનાઓ, નવા વિચારો નિશાને નવીન સર્જનની પ્રેરણા આપતા રહ્યા. વળી ત્યા યોજાયેલ એક પ્રદર્શનમા પેલુ ‘અનાથ’ શીર્ષકવાળુ ચિત્ર પ્રથમ પુરસ્કાર પામ્યુ. ત્રણ વર્ષ બાદ તે ભારત પાછી ફરી ત્યારે દિલ્હીમા એના ચિત્રોનુ ભવ્ય પ્રદર્શન યોજાયુ. ચારે બાજુથી એની કળાની ભારોભાર પ્રશસા થઈ. નિશાને પોતાનુ સ્વપ્ન સાકાર થતુ લાગ્યુ. ત્યા અચાનક ભીડમા ઉષાનો ભેટો થઈ ગયો. બને ઉમળકાભેર ભેટી પડી. ‘અરે ઉષી ! તને ચિત્રો જોવાનો શોખ ક્યાથી લાગ્યો ?’

‘ચિત્રો જોવા નહીં, ચિત્રો દોરનારીને જોવા આવી છુ.’

‘અરે, આ બાળકો કોના છે ? ‘આશ્ચર્યથી નિશાએ પૂછ્ય.



‘કોના વળી ? મારા સ્તો. જુઓ મયૂર–મીકી આ તમારી માસી થાય. આ બધા ચિત્રો એણે જ દોર્યાં છે હો કે.’

બે હાથ પહોળા કરી મીકી બોલી, ‘હે’ આટલા બધા ! તો તો માછી તુ પહેલે નબરે પાસ થતી હશે. હુ પણ ડ્રોઈગમા પહેલી આવુ છુ હ. ઘરે આવીશ તો મારી નોટ બતાવીશ.’

પ્રદર્શન જોતા જોતા તેઓ પેલા ‘અનાથ’ ચિત્ર પાસે આવી પહોચ્યા. નિશા બોલી, ‘આ જ પેલી તસવીર જેણે મને આટલી બધી પ્રસિદ્ધિ અપાવી.’

‘આ છોકરા કેમ રડે છે, માછી ?’

‘બેટા, એની મા મરી ગઈ છે ને તેથી.’

‘માછી, અમને આવુ ચિત્ર નથી જોવુ. સારા સારા ચિત્રો બતાવ ને ! રાજા–રાણી પરીઓના મહેલ....’

નિશાને બને બાળકો ખૂબ વહાલા લાગ્યા. એમની સામે તે ક્યાય સુધી એકીટશે જોતી રહી; અને પાછુ તેનાથી પૂછી જવાયુ, ‘સાચુ કહે ને આ છોકરા કોના છે ?’

‘કહ્યુ તો ખરુ કે મારા.’

‘કહે ને હવે, મને બેવકૂફ માને છે ? બેત્રણ વર્ષના લગ્નજીવનમા ચાર–પાચ વર્ષના છોકરા !’

એક ક્ષણ અટકીને ઉષાએ કહ્યુ, ‘કહુ ?’ અને પછી પેલા ‘અનાથ’ ચિત્રોમાના બે બાળકો પર આગળી રાખી તે બોલી, ‘આ જ બે બાળકો....’

‘હે, શુ ?’ વિસ્મયથી નિશા અવાક્ થઈ ગઈ.

‘શુ વિચારી રહી છે, નિશા ?’

‘કઈ નહીં....એ તો હુ વિચારી રહી હતી કે....’ પણ શબ્દો એના વિચારોમા જ ખોવાઈ ગયા !

**– ‘વીણેલા ફૂલ’માથી સાભાર**

■